

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*'હિંદુત્વ' નીતિથી હવે 'ખામ' બદલવું પડશે!*
*સ્વ-પ્રભાવે, 'ટપાલી'નું કામ બદલવું પડશે!*
*ધામ બદલવું પડશે 'માજી' ના ઓછાયા વાળું -*
*'અમિત' થયું છે બદ-નામ બદલવું પડશે!*
*(શુભેચ્છા માર્ગદર્શન)*

### હાઈકુ

*પાડે છે બૂમો*
*બેન્કો 'સીઈઓ' પણ -*
*'મોદી' 'મોદી' ની...*

*બેન્કો, પેપર*
*ને ચૂંટણી તારીખ*
*થાય છે લીક*

### ચિંતન

**અહન્યહનિ લોકાઃ ગચ્છન્ત્યમ મંદિરમ્ ।**
**શેષાઃ સ્થૈર્યામિચ્છન્તિ કિમાશ્ચર્યમતઃ પરમ્ ॥**

**ઉપરોક્ત શ્લોક નીતિ શતકમાંથી લેવામાં આવેલ છે.**

**રોજેરોજ લોકોને મરતાં જોવા છતાં, શેષ રહેલા લોકો પોતાને અમર રાખવા ઈચ્છે છે. તેનાથી મોટું આશ્ચર્ય કયું ?**

**આ સંસારમાં કોઈ અજરામર - અમર નથી દરેકના 'શ્વાસ' નિશ્ચિત રૂપે નક્કી થેયલા જ છે. બધાંને એક દિવસ રમવાનું જ છે અને ખાલી હાથે ચિતા પર કે હવે ઈલેકટ્રીક મશીનથી બળીને 'ખાખ' થવાનું છે. દરરોજ સ્મશાન યાત્રાઓ અને બેસણાંની જાહેરાતો વાંચ્યા છતાં માણસને પોતાને પણ જવાનું જ છે એવો વિચાર કર્યા વિના ખાયકી - કૌભાંડ - ખોટું કરવાનું મન કેમ થાય છે ? શું આ આશ્ચર્ય નથી ?**

### સુવિચાર

- તમે યોગ જરૂર કરો, પણ તમે યોગ કરવા સાથે 'યોગ્ય' પણ બનજો - **પૂજ્ય મોટા**
- જે જન દોડશે લેવા જશ, તેને સૌ સંભળાવશે 'આઘો ખસ' - **એસ. ભટ્ટાચાર્ય**
- મોટાઈ જેવું કંઈ સરળ નથી, કારણ સરળ થવું એટલે જ મોટા થવું - **એમર્સન**
- મેઘ ધનુષ જુવો અને એના બનાવનારની સ્તુતિ કરા - **હિબ્રુ બાઈબલ**
- માથા પર મુગટ, પણ ઊંઘ કયાં ? યજમાનના માથા પર 'તાજ' જોઈ ઊંઘ એનાથી બીને ભાગે છે - **સંત રોબિન**
- પતિત પિતાનો ત્યાગ થઈ શકે છે, પણ પતિત માતા કદીય પુત્ર માટે ત્યાજ્ય નથી - **મહાભારત**
- આજનું ઔષધ : ઘા પર પાનમાં ખાવાના ચૂનાથી પેસ્ટ લગાવી તેના પર તેલનું પૂમડું મૂકી પાટો બાંધવાથી ઘા જલ્દી રૂઝાઈ જાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માણસ મરી શકેછે, તેના ગુણ નહીં, વ્યક્તિના દેવી ગુણ તેની સનાતન સંપદા છે.

એક ગામડાનો માણસ ઘોડો લઈ બાજુના ગામ તરફ જતો હતો રસ્તામાં એક માણસ મળ્યો, તે ચિત્રકાર હતો તેણે ગામડાના માણસને કહ્યું, 'ભાઈ, તમારા ઘોડાનું ચિત્ર બનાવવા અહીં ઝાડ નીચે આખો દિવસ ઊભા રહેશો તો હું તમને એક સો રૂપિયા આપીશ.'

આવી ઑફરથી ઘોડાનો માલિક ખુશ થઈ ગયો. સાંજ પડ્યે એક સો રૂપિયા મળતા ખુશીથી ઝૂમી ઊઠ્યો. ચિત્રકારે શહેરમાં ઘોડાનું ચિત્ર જોવા માટે એક મેળામાં સ્ટોલ લીધો. અને જાહેરાત કરી કે આજ દીન સુધી કદી ન જોયો હોય તેવો અદ્ભૂત પાણીદાર ઘોડા ચિત્રમાં જુઓ. પ્રવેશ ફી, દસ રૂપિયા... સ્ટોલ પર ખૂબ ભીડ લાગી. ગામડીયો પણ પેલો મેળો જોવા ગયો હતો. એણે દસ રૂપિયાની ટીકીટ ખરીદી... અંદર ગયો તો પોતાના જ ઘોડાનું ચિત્ર... એણે ચિત્રકારને ગુસ્સામાં કહ્યું, 'મારા ઘોડાનું ચિત્ર બનાવવાના મેં તને ફક્ત સો રૂપિયા આપ્યા હતા પણ તું આ ચિત્રના પ્રદર્શન થકી હજારો કમાશે તથા ચિત્ર વેચાણથી પણ તને ઘણા રૂપિયા મળશે... તેં મને છેતર્યો છે.'

ત્યારે પેલા ચિત્રકારે ગામડિયાના ખભે હાથ મૂકીને કહ્યું, 'તારો ઘોડો મરી શકે છે, પણ આ ચિત્ર તો અમર છે, આ તારા ઘોડાનું ચિત્ર ફક્ત નથી, બધા જ ઘોડાઓનો સાર છે. આ તત્ત્વ છે, મૂળભૂત વસ્તુ છે.'

# કાશ્મીરમાં હજુ સ્થિતિ સ્ફોટક

તંત્રીસ્થાનેથી...

જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિ દિવસે દિવસે વધુને વધુ વણસતી જાય છે. છેલ્લે લે. ફૈયાઝની 'શહીદીનો બદલો' લેવાની કાર્યવાહીમાં વધુ કેટલાક સૈનિય હોમાયા છે અને આતંકવાદીઓનો સફાયો કરવા જતાં સ્થાનિક જનતાનો આક્રોશ પણ ભડકી ઊઠ્યો છે. સ્થાનિક પ્રજા સૈનિકો સામે પથ્થરબાજી કરે છે. સ્થાનિક આતંકવાદી સંગઠનોનો પ્રજાકીય વિરોધ થવો જોઈએ એના ઠેકામે એ બધાને ખીણના લોકોનું સમર્થન હોય એવી છાપ ઊપસી રહી છે. આથી બહારની દુનિયાને તો પાડોશી દુશ્મન દેશની વાતમાં જ તથ્ય વરતાય તે સ્વાભાવિક છે. પાકિસ્તાન છેલ્લા ઘણા વખતથી ભારતીય સેના અને અર્ધલશ્કરી દળો કાશ્મીરની પ્રજા પર કાળો કેર વરતાવી રહ્યા હોવાનો જોરશોરથી પ્રચાર કરતું રહ્યું છે. એ આવા આતંકવાદી સંગઠનોને કાશ્મીરની આઝાદી માટે લડનારાં અને જાનફેસાની કરનારાં - શહીદી વહોરનારાં સાચાં કાશ્મીરી પ્રજાજનો માને છે. ભારત છેક પંદરમી ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસથી કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ ગણીને ચાલતું રહ્યું છે, પરંતુ ખુદ કાશ્મીરના નેતાઓ આ મુદ્દે ભિન્ન મત ધરાવતા આવ્યા છે. અલગતાવાદી તો પાકિસ્તાન તરફી વલણ ધરાવે તે સમજી શકાય પણ ડૉ. ફારુક અબ્દુલ્લાથી લઈ મહેબૂબા મુફતી સુધીના કાશ્મીરના સુકાનીઓ પણ કાશ્મીરની ભારત અને પાકિસ્તાન વચ્ચેના તટસ્થ પ્રદેશ તરીકેની આગવી ઓળખ જળવાય એ માટે પ્રયત્નશીલ રહ્યા છે. મૂળે ભૂલ તો પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલ જેવા નેતાઓએ આઝાદી પછી દેશનું વિભાજન થતાં કાશ્મીર મુદ્દે અપનાવેલા પ્રજા વિરોધી વલણમાં જ શોધવી રહી. અંગ્રેજોએ જૂનાં રજવાડાંને ભારત અને પાકિસ્તાન પૈકી જેની સાથે જોડાવું હોય તેની સાથે જોડાવાની છૂટ આપી હતી. પાકિસ્તાન ધર્મના નામે અલગ પડેલો દેશ હોઈ મુસ્લિમ બહુમતીવાળા પ્રદેશોએ સ્વાભાવિક રીતે જ પાકિસ્તાન પર પસંદગી ઉતારી હતી. પંડિત નહેરુના પૂર્વજો કાશ્મીરથી ઊતરી આવેલ હોઈ એમને કાશ્મીર ભારત સાથે જોડાયેલું રહે એમાં રસ હતો. કાશ્મીરના રાજા હરિસિંહે ભારે અવઢવ વચ્ચે મોડે મોડે ભારત સાથે જોડાવવાનું સ્વીકાર્યું પરંતુ ત્યાં સુધી કબાઈલીઓએ અડધ ઉપરાંત કાશ્મીર પર કબજો જમાવી એને 'આઝાદ કાશ્મીર' જેવું રૂપકડું નામ આપી દીધું હતું. ખીણ પ્રદેશના પ્રજાજનોને આઝાદ કાશ્મીર કે જે પાકિસ્તાનના કબજામાં છે, ત્યાંના લોકો સાથે લોહીની સગાઈ છે. કાશ્મીરને ભારત સાથે જોડાયેલું રાખવા માટે ભારત સરકારે ૩૭૦ અને ૩૫-એ જેવી બંધારણીય કલમો મારફત ખાસ અલગ દરજ્જો આપી રાખેલ છે. આમ છતાં, છાશવારે ખીણમાં 'પાકિસ્તન ઝિંદાબાદ' ના નારા ગાજે છે, પાકિસ્તાની ધ્વજ ખુલ્લેઆમ ફરકાવતા રહે છે. કાશ્મીરના નેતાઓ માટે પ્રજાના આ પાકિસ્તાની તરફી વલણને અનુકૂળ થયા વગર છૂટકો જ નથી રહેતો. એથી જ ભાજપ સાથે સત્તાની ભાગીદારી કરનારાં જમ્મુ - કાશ્મીરનાં મુખ્યમંત્રી મહેબૂબા મુફતીને જાહેરમાં વડાપ્રધાન સમક્ષ પાકિસ્તાન સાથે વાટાઘાટાની પહેલ કરવાની આરજૂ ગુજારવી પડે છે. કાશ્મીર મુદ્દે દેશભક્તિના નામે સુબ્રમણ્યમ સ્વામી જેવા નેતાઓ જે ઉગ્ર નિવેદનો કરે છે તે આખરે તો ત્યાંના પ્રજાજનોને ઘા ઉપર મીઠું ભરભરાવવા જેવા જ લાગે છે. કાશ્મીર સમસ્યાનો ઉકેલ આખરે તો પ્રજાકીય અને રાજકીય સંદર્ભે જ થઈ શકશે.

# જીવનની કોઈ પરીક્ષા આખરી ન હોઈ શકે!



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર

'આ એક અશકય કામ છે.' પહેલા વિદ્યાર્થીએ કહયું.

'ચાળણીમાં પાણી......!' બીજા વિદ્યાર્થીએ આશ્ચર્ય વ્યકત કર્યું.

'અલ્યા ભાઈ, તમામ શકયતાઓને કામે લાગાડવાની છે.'ત્રીજા વિદ્યાર્થીએ ઉત્સાહ ભરવાનો પ્રયત્ન કર્યો.

'એ બધુ ઠીક મારા ભાઈ, પણ ચાળણીમાં પાણી ભરાય જ કેવી રીતે ?' મૂંઝવણ સાથે એક વિદ્યાર્થીએ રજૂઆત કરી.

એક સર્જનાત્મકતાના હિમાયતી અધ્યાપક પોતાના કેટલાક વિદ્યાર્થીઓ સાથે ચર્ચા-ગોષ્ઠિ કરી રહયાં હતા. સર્જનાત્મક અને નવીન વિચારોની પધ્ધતિ વિશે વાત કરી રહયા હતા. પ્રોફેસરે સૈધ્ધાંતિક ચર્ચાઓ બાદ એક પ્રાયોગિક ધોરણે સમસ્યાના ઉકેલ માટે વિદ્યાર્થીઓને કહયું હતું. પ્રોફેસરે એક પ્રયોગ હાથ ધર્યો હતો.

વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહિત હતા. પ્રોફેસરે કહયું હતું કે 'નજીકમાં એક નદી છે. ત્યાં જાઓ અને ચાળણીને પાણીથી ભરો.'બધાજ વિદ્યાર્થીઓ એકસાઈટ થઈને નદી કિનારે પહોંચી ગયા હતા. ઘણો સમય થયો છતાં તે પાછા ન વળ્યાં ત્યારે પ્રોફેસર નદી કિનારે જાતે તપાસ કરવા ગયા. વિદ્યાર્થીઓએ કહયું, 'સાહેબ, આ એક અશકય કામ છે. અમે તમામ સર્જનાત્મક અને નવીન વિચારો અજમાવ્યાં જે અમે વિચારી શકતા હતા, પરંતુ કોઈનાથી એક ચાળણીને પાણીથી ભરી શકાઈ નહી.'

પ્રોફેસરે કહયું, 'હં, લાવો હું તમને બતાવું.' તેમની પાસેથી ચાળણી લઈ લેતાં તેમણે કહયું. પ્રોફેસરે ચાળણી લીધી અને તેને નદીના પાણીમાં છોડી દીધી. તરત જ તે ભરાઈ ગઈ. પ્રોફેસરે કહયું, 'જુઓ હવે તમારી ચાળણી પાણીથી ભરાઈ ગઈ.'

અગાઉથી ધારી લીધેલું કે નકકી કરી રાખેલું ઘણી વખત નવુ વિચારવા માટે અવરોધરૂપ બને છે. કોઈ એક વિદ્યાર્થીએ સારું કામ કર્યું છે તે સ્વીકારવા ને બદલે ભૂતકાળમાં તે વિદ્યાર્થીએ અઘટિત કાર્ય કરેલું તે જ યાદ રાખવું બરાબર નથી.

ગયા અઠવાડિયે પત્ની દ્વારા કઢી બનાવવામાં ભૂલ થઈ, હોય એ તો, બની શકે, પરંતુ આજે સ્વાદિષ્ટ બનેલી કઢીને ભૂતકાળની અસ્વાદિષ્ટ ઘટના સાથે જોડવાથી વર્તમાન ક્ષણોમાંથી મળતા આનંદને બરબાદ કરવાનો આપણને કોઈ અધિકાર નથી.

ચાળણીમાં પાણી ભરીને પાછા લાવવાનો પ્રશ્ન જ નહોતો. આપણે કોઈ સમસ્યા ઉકેલતી વખતે આપણા અગાઉથી ધારી લીધેલા મત બાજુ પર મૂકી દેતા હોઈએ છીએ. પ્રોફેસરે વિદ્યાર્થીઓને ચાળણીને પાણીથી ભરીને લાવવા માટે નહોતું કીધું. વિદ્યાર્થીઓએ તે મુજબ ધારી લીધું હતું. તેથી, ચાળણી પાણીથી ભરાઈ શકે તેમ જાણ્યા વિના, તેમણે માત્ર ચાળણીને પાણીમાં મૂકવાની હતી. તેમણે તે શકયતાઓનો વિચાર જ નહોતો કર્યો.

પૂર્વગ્રહ ન છોડી શકનારાઓને અન્ય કોઈ ગ્રહ નડતો હોય તે વાત જ હાસ્યાસ્પદ છે. વર્ષોથી એક સામાન્ય કુટેવ પડી ગઈ હોય અને તે પણ ન છોડી શકતાં હોય ત્યારે, જીવાતા જીવનની જીવંત સમસ્યાઓને ઉકેલવા માટે 'તારું બધુ જ હોય તો છોડીને આવ તું' ની ખુમારી જ કામ આવી શકે.

સર્જનાત્મકતાના તમામ પાસાનો અને શકયતાઓનો તમામ દિશાએથી ચકાસી જોયા પછી ચાળણીમાં પાણી ભરીને લાવવું લગભગ અશકય છે. અશકય લાગતુ કાર્ય થોડુંક જુદી રીતે વિચારવાથી, થોડુંક જુદી રીતે કરવાથી શકય બનતું હોય છે, જે પ્રોફેસરે કરીને બતાવ્યું.

શાળા-કોલેજોના શિક્ષણમાં આવી સમસ્યા ઉકેલની પ્રક્રિયાનો સદંતર અભાવ વર્તાતો હોય છે. જીવનની કોઈ પરીક્ષા આખરી ન હોઈ શકે! જીવન અને આવી પડેલી સમસ્યા એક સિકકાની બે બાજુ છે. જીવન જીવવું છે તો સમસ્યાનો હલ શોધવો જ રહયો. સમસ્યા વગરનું જીવન અન્ય કોઈનું હોઈ શકે પરંતુ મનુષ્યનું હોઈ ન શકે ! ખૂબ બધી શકયતાઓને એરણે ચઢાવી શકે, થાકયા વગર શકય એટલી પોસીબીલીટીઝને અજમાવી શકે, તે જ વ્યકિત પાણી પર ચાલી શકે !(ઉત્તર ગુજરાત યુનિ. ના ચુનંદા વિદ્યાર્થીઓ સાથેની ગોઠડીનો એક અંશ.સ્રોત : કોમર્સ કોલેજ, મોડાસા.)

**મિસરી**

'હમણાં કશું લખાતું નથી એવું કેમ છે ?
ખુદને મળી શકાતું નથી એવું કેમ છે ?
બસ આંસુ આંખમાંથી વહેતા મૂકી શકું
ના પૂછ કે હસાતું નથી એવું કેમ છે ?'
- મેગી અસનાની

- santoshdevkar03@gmail.com

# હીચકી – વારંવાર ખાવા જેવી હીચકી






**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

આજે વાત કરવી છે... 'હીચકી' ની... સિદ્ધાર્થ મલ્હોત્રા દિગ્દર્શિત રાની મુખર્જી અભિનિત 'હીચકી' અત્યારે વિવેચકો અને દર્શકો બંને દ્વારા વખાણવામાં આવી રહી છે...

બ્રેડ કોહેન લિખિત પુસ્તક 'Front of the Class' પરથી બનેલ આ પિકચર ખાસ એટલા માટે છે, કારણ કે આ મૂવિમાં એક એવા શિક્ષકની વાત કરવામાં આવી છે, જે 'ટોરેટ સિન્ડ્રોમ' થી પીડાય છે... જેના કારણે... તેને ૧૬ સ્કૂલમાં રિજેક્ટ કરવામાં આવ્યા છે...

બ્રેડ કોહેન સાતે પણ આ જ ઘટના ઘટી હોય છે, અને તેના જ કારણે 'Front of the Class' આ પુસ્તક લખાયું.

'ટોરેટ સિન્ડ્રોમ' એટલે કે મગજમાં એક સાથે બે ત્રણ નસનું જોડાણ અચાનક થઈ જાય તે દરમિયાન ત્રણ-ચાર વાર 'હીચકી' આવે અને માથું બે-ત્રણ વાર ઝાટકા સાથે ફેરવવું પડે છે... અચાનક થતી આ પ્રક્રિયા સામેવાળા માટે નવાઈ પમાડતી ઘટના હોય છે... જયારે 'T.S' થી પીડાતા દર્દી માટે રુટિન હોય છે...

૧૮૮૫માં જહોન માર્ટીન ચેરોટ અને તેના શિષ્ય ફ્રેંચ ફીઝીશીયન, અને ન્યૂરોલોજીસ્ટ 'જયોર્જ ગીલ્સ - દે લા ટોરેટ' દ્વારા આવા સિન્ડ્રોમ વાળા નવ દર્દીને શોધી નાખવામાં આવ્યા. તેથી આ સિન્ડ્રોમને ટોરેટ સિન્ડ્રોમ તરીકે ઓળખવામાં આવ્યો...

ફ્રેન્ચ લેખક અને કલ્ચરલ મિનિસ્ટર એન્ડ્રયુ માલરેક્સ ને પણ આ જ સિન્ડ્રોમ હતી...

'કોલોરાડો રેપીડ્સ' ફુટબોલ ટીમના ગોલકીય ટીમ હોવાર્ડ ને પણ આ જ ટોરેટ સિન્ડ્રોમ હતો...

'પા' પિકચરમાં સફળતાપૂર્વક 'પ્રોજોરીયા'ની બિમારીની વાત કરવામાં આવી હતી... અને પિકચર આવ્યું ત્યારે અમિતાભને જોઈને જ આપણને આ બિમારી વિશે ખબર પડી હતી...

તેવી જ રીતે 'હીચકી' પિકચરમાં રાની મુખર્જીની ઍફર્ટલેસ એકટીંગ જોઈને જ આપણને આ 'ટોરેટ સિન્ડ્રોમ' જેવી રેરેસ્ટ બિમારની ખબર પડે છે...

આવા સ્પર્શ ન પામેલા વિષય પર પ્રયોગાત્મક પિકચર બનાવવામાં આવે તે વાત જ ખરેખર પ્રશંસનીય છે...

એ વાત અલગ ચે કે ૨૦૦૮માં બ્રેડ કોહેનની બુક પરથી જ પીટર વાર્નરએ જીમી વૉકરને હીરો તરીકે લઈને 'Front of the Class' નામ જ પિકચર બનાવી નાખ્યું હતું. અને 'હીચકી' એ જ બુક અને પિકચરને આલેખતું ભારતીય સ્વરુપ છે.

સચીન અને સુપ્રિયાની આ દીકરી નૈનાને બાળપણમાં જ તેમની આ બિમારીના કારણે ઘણી બધી સ્કૂલમાંથી (૧૨ સ્કૂલ) રિજેકટ કરવામાં આવી.... પરંતુ સેન્ડ નોટકર સ્કૂલના પ્રિન્સિપાલ મિ. ખાન (વિક્રમ ગોખલે) તેને આ સ્પેશિયલ કન્ડીશન સાથે સ્વીકારે છે...

આવી જ અદ્ભૂત ક્ષણના સંભારણાથી પ્રેરાઈને મિ. ખાન જેવા દીર્ઘદષ્ટા અને પ્રેમાળ શિક્ષકના વ્યકિતત્વથી અંજાઈને નાની નૈતા (રાની મુખર્જી) બાળપણમાં જ વિચારી લે છે કે મારે પણ શિક્ષક જ બનવું છે...

ભણવામાં ખૂબ હોંશિયાર નેતા માસ્ટર ડીગ્રી તો મેળવી લે છે પરંતુ શિક્ષકના દરેક ઈન્ટરવ્યુમાં તે તેની સ્પેશિયલ કંડીશનના કારણે ટોરેટ સિન્ડ્રોમના કારણે પસંદગી પામી શકતી નથી...

કુદરતનું ચક્ર જુઓ... ૧૬ સ્કૂલોમાંથી રિજેકટ થયા પછી અચાનક જ એક ફોન આવે છે, અને સ્કૂલમાં શિક્ષિકા માટે પસંદગી પામે છે. સ્કૂલ પણ કઈ સેન્ટ નોટકર... જયાંથી તે ભણી હતી... સ્કૂલ મેનેજમેન્ટ મિડ ટર્મમાં ટીચર જતા રહેવાના કારણે વિવશ થઈને મિસ નૈનાની પસંદગી કરે છે...

સ્કૂલ મેનેજમેન્ટની વિવશતા હોય છે, પરંતુ નૈનાને આ એક અનોખી તક ઈશ્વરની કૃપા જ લાગે છે... અને તેના ભાગે RTE હેઠળ સમાજના અભાવગ્રસ્ત બાળકોને ભણાવવાની જવાબદારી આવે છે, કે જે છાત્રોના તોફાનના કારણે જ ત્યાં કોઈ શિક્ષક ટકતું ન હતું... અને ટોરેટ સિન્ડ્રોમ વાળી મિસ નૈનાની કપરી જવાબદારી શરુ થાય છે...

'હીચકી' માં વારંવાર હિચકી લેતી રાની મુખર્જીએ પાત્ર એટલી હદે આત્મસાત્ કરી દીધું છે કે, તેને T.S. હીચકી ની બિમારી છે, તે દર્શકો તરીકે આપણે પણ માત્ર પિકચર શરુ થયાની ૩૦ મિનિટમાં ભૂલી જઈએ... અને કથાપ્રવાહ સાથે જોડાઈ જઈએ...

સુપ્રિયા અને સચીન નૈનાના માતાપિતા તરીકે ખૂબ સરસ અભિનય કરે છે... નૈનાની આ કન્ડીશનના કારણે શરમ અનુભવતો પિતા તેમને છોડી જાય છે, પરંતુ લાગણી અને સંવેદના તેને દીકરી અને પરિવાર છોડવાની ના પાડે છે.... આ કશ્મકશ સચીન બખૂબી નિભાવી જાણે છે.

હુસૈન દલાલ નૈનાના ભાઈ તરીકે એકદમ ફીટ છે. ખાસ તો ઈર્ષ્યાળુ ટીચર અદેખાઈ ધરાવતા સાથી ટીચર તરીકેનો રોલ નીરજ કાબીએ અદ્ભૂત કર્યો છે... આ નીરજ કાબી એ જ છે જેણે 'તલવાર' પિકચરમાં આરુષિના પિતાનો રોલ કર્યો હતો...

'આઈ એમ કલામ'નો નાનો કલામ હર્ષ મયાર 'આતીશ' ના પાત્રમાં ઊડીને આંખે વળગે... સુપર્બ એકટીંગ...

'હીચકી' દરેક શિક્ષક, વિદ્યાર્થી અને માતા-પિતાએ જોવા જેવું, મસ્ટ વૉચ મૂવિ છે....

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# દરિદ્રનારાયણની સેવાના દીવડા સમાજજીવન અજવાળે છે



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'આવો, તમને એક મસ્ત ફકીર સાથે પરિચય કરાવું.' એડવોકેટ અશોક દામાણીએ એમના મિત્રને કહ્યું. ગામડું હોય કે શહેર, ખૂણે-ખાંચરે પડેલા - માનવતાનું કાર્ય કરનારા - સમાજ માટે સમર્પિત લોકોને સમાજના બહોળા વર્ગ સુધી લઈ જવાનું એમને સન્માનવાનું ઉમદા કાર્ય અશોકભાઈ 'જાગૃત જન' ટ્રસ્ટના માધ્યમથી કરી રહ્યા છે. એમને આપેલો પેલો ફકીરનો પરિચય અને તેની વાત મિત્રએ પ્રેમથી સાંભળી...

નામ એનું અલ્તાફ, એક સમયે સિનેમાગૃહો પર પ્રેક્ષકોના ટોળેટોળા ઉમટી પડતા ત્યારે અગાઉથી ટીકીટો મેળવીને પછીથી એને મોંઘા ભાવે વેચવાનું કામ કેટલાક લોકો કરતા હતા. આવા જ કામમાં એ પણ જોડાયેલો. એક દિવસ એના પર આભ તૂટી પડ્યું જયારે એને ખબર પડી કે એની વહાલી દીકરીને કેન્સરની બિમારી લાગુ પડી છે. એ દીકરીનું દુઃખ-દર્દ એ જોઈ શકતો ન હતો અને અહીંથી એનામાં પોઝીટીવીટીનો - પ્રાર્થનાનો - માનવતાનો પ્રવેશ જરા વિશેષ જાગૃતિ સાથે થયો. સમય જતા દીકરી તો અલ્લાહને પ્યારી થઈ ગઈ.

આ બાજુ એક પિતા તરીકે ભોગવેલી વેદના અલ્લાહનો કોરી ખાતી હતી. સિનેમા ટીકીટોના વેચાણમાં ધંધો એણે બંધ કરી દીધો હતો અને માનવતાના કાર્યોમાં જીવન સમર્પિત કરવાનો મનોમન સંકલ્પ કરી દીધો હતો. પોતાની દીકરી કેન્સરના રોગમાં મૃત્યુ પામી હતી, તો ભવિષ્યમાં બીજાના બાળકો આ રોગથી બચી શકે એ માટેની દવાઓ શોધવાનો એણે આરંભ કર્યો. ગામડે ગામડે ફર્યો - જાણકારોને - વૈદરાજોને મળ્યો, ચરક સંહિતા, સુશ્રુત સંહિતા, દ્રવ્યગુણ, નિઘટુ જેવા ગ્રંથોનો અભ્યાસ કર્યો. એમાં જાણકારી મેળવવા ઊંડો ઉતર્યો. રાત, દિવસ એક કર્યા.

રાત્રે નોકરીએ જવાનો ઉપક્રમ તો હતો જ, દિવસે રીલીફ સિનેમા પાસે એક સ્થળે બોસીનો આયુર્વેદ, નાડી શાસ્ત્ર વગેરેના આધારે એણે લોકોની બિમારીઓનું નિદાન કરવાનું શરૂ કર્યું. દર્દી પાસેથી પૂરી વિગતો એ જાણે, જરૂર પડે પેથોલોજીનો રિપોર્ટ પણ કરાવે, એનું રોજીંદું જીવન, કામકાજનો પ્રકાર બાબતે જાણકારી મેળવે. દર્દીના દર્દની ચકાસણી નાડીશાસ્ત્રથી અને એક્યુપ્રેશરથી મેળવે. પછીથી એ રોગ સામે લડવા માટેની ઔષધિ આપે. એ પ્રકારનો ખોરાક સુચવે. ત્યાર બાદ પરેજી સાથે ઔષધિનો આરંભ કરે. અને આખરી ઉપાય રૂપે અલ્લાહની બંદગી કરે. હાર્ટના - કેન્સરના - ટીબી - કીડની - અસ્થામાના - ઘૂંટણના - ખભાના દુઃખાવાનો એમ અનેક રોગોના દર્દીઓ એની પાસે આવે છે. અનુભવમાંથી અને જાણકારીથી એ દર્દીઓની સારવાર કરે છે.

સર્ટીફીકેટ ઈન ઈન્ટરનેશનલ સુજોક થેરાપીમાં પાર્ટ-૨ સુધીનો એણે અભ્યાસ કર્યો છે. ઔષધિઓ મેળવ્યા બાદ એ સુકવે - કુટે - રસ કાઢે - પાવડર બનાવે... આ બધા કાર્યોમાં એની પત્ની સતત એની સાથે રહે. અનેક દર્દીઓ અહીં આવીનો સાજા થયા છે ને એમના રિપોર્ટસમાં પણ એમની સુધરેલી - સ્વસ્થ તબિયતનું પ્રમાણ જોવા મળે છે. એક નાગરિક જાગૃત થાય તો કેટલા બધા લોકોને ઉપયોગી થઈ શકે એનું ઉત્તમ ઉદાહરણ અહીં જોવા મળે છે.

પોતે ભોગવેલી પીડાની વેદના સહન કર્યા પછી અંદરથી માણસમાં કશુંક જાગૃત થતું હોય છે. આવા સમયે કાં તો એ હારી ને થાકી જાય છે અથવા તો જાગૃતિની ચેતના એને કોઈ નવી દિશા તરફ પગ મંડાવે છે. એક સાવ અભણ કહી શકાય એવો માણસ પોતાના રસ-રુચિ ડેવલપ કરે અને કોઈ એક ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ જ્ઞાન હાંસલ કરે, એ દિશામાં અધિકૃતતા હાંસલ કરે ત્યારે એના માટે એક નવી દિશા ખુલે છે.

આરોગ્ય પ્રાપ્તિ હોવી - સ્વાસ્થ્ય શ્રેષ્ઠ હોવું એ આજના માનવી માટે અતિ આવશ્યક બની ગયું છે. એવા સમયે આરોગ્ય સેવા આપનારા આવા લોકો સમાજ સેવાનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે.

ગાંઠનું ગોપીચંદન ઘસીને આવી સેવા કરનારા લોકોના કાર્યથી સામાજજીવનમાં દર્દી નારાયણની સેવા દીવડા ઝળહળે અને આરોગ્યના અજવાળા રેલાય છે.